One Goal... One Mission... Service To Society

# સુખનો રામબાણ ઈલાજ

લાયન ડૉ. પી. બી. પટેલ

સૌજન્ય

**SHREE AMRUTDHARA TRUST**

**શ્રી અમૃતધારા ટ્રસ્ટ**

**રજી. ઓફિસ :**

C/o. બાલુભાઈ મોતીભાઈ પટેલ
મુ.પો. ટુણાદર, તા. માલપુર,
વાયા-બાયડ-ગાબટ,
જિલ્લો : સાબરકાંઠા-૩૮૩૩૩૫
ટે.નં. (૦૨૭૭૩) ૨૨૨૪૫૭,
૨૨૨૩૩૦, ૨૨૨૩૧૪

**વહીવટી ઓફિસ :**

C/o. અમૃતભાઈ એમ. પટેલ
એમ-૧૭/૧૦૧, રૂપલ પાર્ક,
અંકુર બસ સ્ટેન્ડ પાસે,
નારણપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૧૩
મોબાઈલ : ૯૮૨૪૦ ૦૯૨૮૨

આયોજીત : શ્રી અમૃતધારા વ્યસન મુક્તિ પરિવાર

ઉત્કર્ષ યોજનામાં જોડાઈ આર્થીક તથા અન્ય લાભ મેળવો.

WE SERVE

કૅન્સર વિજય અભિયાન

પ્રેસિડેન્ટ પ્રોગ્રામ

લાયન્સ કલબ ઑફ અમદાવાદ આશીર્વાદ

Scanned by CamScanner

આ સાહિત્ય એક કાગળ ન રહેવા દેતાં એને સુદર્શન ચક્ર બનાવો, જેનાથી અનેક કૅન્સર થતાં જ અટકાવે. એને મા સરસ્વતીના રૂપે કોઈના ઘરના દીપક બનાવો.

ભારતમાતાના સપૂતો, તમારાં અજ્ઞાની ભાઈઓ અને બહેનોના જીવન ખાતર, એમના જીવનના સુખ ખાતર આ જ્ઞાનનો ખજાનો, આ જ્ઞાનનો દીપક એમના સુધી પહોંચાડવામાં નિમિત્ત થાઓ.

મા ભારતને તમારા ઉપર ગૌરવ થાય, તમારાથી અપાર સંતોષ થાય એવી આ નાનકડી જ્ઞાનની જ્યોત તમારા હાથે ઘેર ઘેર પહોંચાડો.

એક એવું દાન... જે જીવતદાન આપો જેનાથી મોટું કોઈ દાન નથી. જીવન જીવ્યાનો અપાર સંતોષ મેળવો.

**આશાનાં નવાં કિરણો :**

આજ સુધી જેની કલ્પના પણ નહોતી તેવાં કાર્યો બાયોટેક્નોલોજીની મદદથી આવતીકાલે શક્ય બનશે. જેમ કે આગળ વધેલા કૅન્સરની ઓછી આડઅસરોવાળી સારવાર, ખૂબ જ શરૂઆતના સ્ટેજમાં કૅન્સરનું નિદાન અને સારવાર, કૅન્સર થવાનું હોય એનાથી વર્ષો પહેલાં નિદાન અને કૅન્સર થાય જ નહિ એવી સારવારો જે થોડાં જ વર્ષોમાં ઉપલબ્ધ થશે.

ગરવી ગુજરાતના નવયુવાનોની શક્તિ ચેતનાના પ્રતીક લાયન્સ ક્લબ ઑફ અમદાવાદ આશીર્વાદની આ અનોખી પ્રવૃત્તિમાં અમે તમારું યોગદાન માગીએ છીએ.

અમને જોઈએ છે તમારું હૃદય... ભાવનાથી-ઉમળકાથી ભરેલા હૃદયની રોજ ફક્ત પાંચ મિનિટ, જે તમારા જીવનનો સૌથી આનંદદાયક અવસર હશે.

ગુજરાતની યુવાશક્તિ જ્યારે કૅન્સર સામે જંગે ચડી છે, વ્યસન સામે જંગે ચડી છે તો એમના ખમીરને શક્તિને નવું બળ આપી, નવી શક્તિ આપો.

**ટાઈટલ પેજ નં. ૩ ઉપર ચાલું**

Scanned by CamScanner

# ફ્રોયમોસીસ

## દિલ કે અરમાન આંસુઓ મેં બહ ગયે

એમ. કોમ.માં ફર્સ્ટ કલાસ થયા પછી તરત જ સુવાસનાં લગ્ન થયાં. લગ્નની પહેલી રાત્રે જ પ્રશ્ન થયો. બીજા જ દિવસે વરરાજા સાથે આખી જાન મારી હૉસ્પિટલમાં. એમની આંખોમાં ગભરાટ અને ચિંતા સ્પષ્ટપણે વાંચી શકાતાં હતાં. તપાસ કરી તો પેશાબની ઈન્દ્રિયની ચામડી ચોંટેલી હતી, અને વચ્ચે ચાંદી દેખાતી હતી. જોઈને મને ધ્રાસકો પડ્યો. સગાંઓને વાત કરી કે, બાયોપ્સી કરવી પડશે. બધાં તરત જ તૈયાર થયાં. જિંદગીમાં કયારેય નહીં ને એ દિવસે બાયોપ્સી લેતાં મારા હાથ ધ્રૂજી ગયા. મને એ ચાંદીમાં ત્રાડ પાડી ખાવા ધસી આવતો વાઘ દેખાતો હતો. મનોમન મેં ભગવાનને પ્રાર્થના કરી કે નવોઢાને બચાવી લેજો.

ત્રીજે દિવસે રિપોર્ટ આવ્યો. મારી નાનકડી ચેમ્બરમાં સહેજ પણ જગ્યા ન હતી. રિપોર્ટ હાથમાં લેતાં મારું હૃદય ધબકારો ચૂકી ગયું. છેવટે એ જ રિપોર્ટ આવ્યો. સુવાસને ઈન્દ્રિય (શિશ્નમણિ)નું કૅન્સર હતું. એનો ફક્ત એક જ ઉપાય હતો. ઈન્દ્રિયને ઑપરેશન કરીને કાપી નાખવી.

સંસારનું સુખ જેણે એક પણ દિવસ ભોગવ્યું નથી. વરવધૂને મારે કેવી રીતે આ વાત કરવી? મારા માટે ઑપરેશન નાનું હતું, પણ એમના માટે એ ખૂબ જ મોટું ઑપરેશન હતું. એ તો એમના સંસારનું ઑપરેશન હતું. પછી એ ન રહે પરણેલા કે ન રહે કુંવારા. પરણ્યા જ ન હોઈએ તો ચાલે કે પછી વિધવા થઈએ તો કદાચ નસીબનો દોષ દઈને મન વાળી લઈએ, પણ આ રીતે તો દિવસો કેવી રીતે જાય ?

નાછૂટકે મારે બધી વાત સગાંઓને કરવી પડે. ટાંકણી પડે તો અવાજ આવે એવી નિઃસ્તબ્ધ શાંતિ છવાઈ ગઈ. સ્મશાનમાં પણ આવી શાંતિ મેં કયારેય જોઈ નથી.

કોણ નિર્ણય લે અને કોણ બોલે. લગ્નમાંથી સીધા સ્મશાને ગયેલા ડાઘુ જેવા બધા લાગતા હતા. કોઈના મોંની અંદર જીભ ન હતી. હૈયામાં

Scanned by CamScanner

હામ ન હતી. બધાની બુદ્ધિ બહેર મારી ગઈ હતી.

થોડીવાર પછી નવવધૂ બોલી, "સાહેબ, મારી ચિંતા ન કરશો. એમનું જીવન બચાવી લો."

નખશિખ હિન્દુ સન્નારીને શોભે એવો એનો જવાબ હતો. હાથની મહેંદી, ચહેરાનો શણગાર હજુ એમના એમ હતો. એની આંખોમાં એનાં અરમાનોના વહાણને ડૂબાડીને પણ એના સૌભાગ્યને જીવાડવા માટેની કટિબદ્ધતા દેખાઈ આવતી હતી.

રણચંડી થઈ યુદ્ધમાં ખપી જવું સહેલું છે. પતિ પાછળ સતી પણ કદાચ થઈ જવાય. વિધવા થઈને એકલે હાથે બાળકો પણ મોટાં થઈ શકે પણ કોઈ વાંક વગર આ રીતે જીવવાની તૈયારી બતાવતી એ સન્નારી માટે મને પણ મનોમન અહોભાવ ઉત્પન્ન થયો.

આવા દાખલા તો ક્યારેક જ બને છે પણ ૩૦ થી ૪૫ વર્ષની વચ્ચે ઇન્દ્રિયના કૅન્સરના ઑપરેશન કરવાના દર વર્ષે ત્રણથી ચાર બનાવ મારી હૉસ્પિટલમાં જ બને છે.

એમની શી દશા થતી હશે. એવા ઑપરેશન પછી એકબીજાની સામે મૌન જોઈ બેસી રહેલાં પતિ પત્નીને જોઈ મને તોફાને ચડેલો દરિયો દેખાય છે. એવું તોફાન જેને કોઈ જ જોઈ શકતું નથી.

તમને થશે સંસારમાં આવી આંધીઓ લાવનાર આ રોગનું કારણ શું?

**કોનો વાંક કાઢું ?**

મા બાપનો કે પછી બાળપણથી જ પેશાબની ચામડી ઊંચી કરી સાફ કરવાનું નથી શીખવતાં કે પછી ડૉક્ટરનો જેમને આવી નાની વાતનું મહત્ત્વ ધ્યાનમાં નથી આવતું. ડિલિવરી પછી જોવા આવતી અનુભવી માતાઓનો કે જે પોતાની લાડલીને આ જ્ઞાન નથી આપતી. કે પછી આજના શિક્ષણનો જેમાં આરોગ્યની જાળવણી કરતાં અન્ય વસ્તુઓને વધુ મહત્ત્વ આપવામાં આવે છે. અને વાંક કાઢીને ફાયદો પણ શો ?

વર્ષોના અનુભવ પછી મારી તમને અંગત સલાહ છે કે તમે તમારા



Scanned by CamScanner

બાળકને નાનપણથી જ ઈન્દ્રિયની ચામડી ચડાવી એને સાફ કરતાં શીખવાડી દેજો. કાલે એ મોટા થઈ જશે પછી મર્યાદાનાં આવરણોમાં એ તમને વાત નહીં કરી શકે, અને તમે પણ એને વાત નહીં કરી શકો અને છેવટે વાવાઝોડામાં એ તણાઈ જશે.

બધાને આવું જ થાય એમ નથી. આવું તો બહુ થોડાને જ થાય છે, પણ કોને થશે એ કોને ખબર. વળી બીજા અનેક નાના મોટા પ્રશ્નો થવાની શક્યતા તો ખરી જ. જે મોટાભાગનાને થાય જ છે.

બાળકોમાં સૌથી વધુ થતા ઑપરેશનમાં સુન્નતનું ઑપરેશન આવે, જો માહિતી દરેક માતા પાસે હોય તો એના બાળકને સુન્નતનું ઑપરેશન કરાવવું ન પડે.

તમે કહેશો કે સુન્નતનું ઑપરેશન તો નાનું જ હોય છે, છતાં એ નાનું તો નાનું પણ ઑપરેશન તો બચે જ ને વળી એટલા નાના બાળકમાં બેભાન કરવાનું જોખમ તો ખરું જ ને. વળી બાળકની માતાની લાગણીને થતો આઘાત, ઑપરેશન પહેલાં અને ઑપરેશન પછીની માતાની સ્થિતિ જોઈ મને એના ઉપર દયા આવે છે. માતા જે કામ રમતાં રમતાં પોતાને ઘરે એકલી કરી શકે છે, એ કામ માટે એ કેટલી દુઃખી થાય છે. બાળક દુઃખી થાય છે. ઘર દુઃખી થાય છે અને આર્થિક ખર્ચ આવે છે. અજ્ઞાનનું આ તો કેવું દુઃખ ?

દર વખતે લગ્નની સિઝન પછી લગ્નના પહેલા જ દિવસની રાત્રે ઈન્દ્રિય ઉપરથી લોહીની ધાર સાથે કે બીજા દિવસે ઈન્દ્રિય ઉપર સોજો આવવાથી (પેરાફાયમોસીસ)ના કારણે તાત્કાલિક ઑપરેશન કરાવવા આવવાવાળા એક બે લોકો તો હોય છે જ.

આમ તો આ કામ સર્જન માટે ખૂબ જ નાનું છે, પણ લગ્નની પહેલી રાત્રે કે બીજા જ દિવસે થતી આવી ઘટનાઓની વરરાજા, નવવધૂ, વરરાજાના કુટુંબીજનો, કન્યા પક્ષનાં સગાં સબંધીઓ અને અન્ય ઉપર થતી અસરો એટલી સરળ નથી હોતી.

મને એના આઘાત અને પ્રત્યાઘાત સમતાં ઘણો લાંબો વખત લાગે



Scanned by CamScanner

છે. જીવનના રસથાળમાં પહેલે કોળીએ જ આવેલી કડવાહટ દૂર કરવી બહુ અઘરી હોય છે.

પાછળથી સમજણ થયેલાં થોડાક યુવાનો, લગ્નના થોડા દિવસ પહેલાં આ પ્રશ્ન લઈને આવે છે. ત્યારે મારી સ્થિતિ સૂડી વચ્ચે સોપારી જેવી થઈ જાય છે. ઑપરેશન કરું તો પણ મુશ્કેલી અને ના કરું તો પણ મુશ્કેલી. વળી મોટાભાગના યુવાનો આ ઑપરેશન અત્યંત ગુપ્ત રીતે કરાવવાં આવતા હોય છે. ક્યારેક તો એમનાં મા બાપને પણ આ વાતની ખબર હોતી નથી.

થોડા એવા પણ લોકો હોય છે, જે લગ્નજીવનનો આ આઘાત સહન કરી લે છે પણ પછી એ ઑપરેશન નથી કરાવતા.

પણ આવા લોકોને સંભોગમાં પડતી તકલીફોનો હું સાક્ષી છું. ઘણી વખત ઑપરેશન પછી કહે પણ ખરા આટલો બધો ફાયદો થતો હોત તો પહેલાં ઑપરેશન કરાવી દેત.

અજ્ઞાની, ગેરસમજણવાળા, આળસુ કે શરમાળ માણસોની સ્થિતિ પાછળથી એવી ખરાબ થઈ જાય છે કે એમને પ્રમાણમાં મોટું અને ખૂબ જ હેરાનગતિ સાથે ઑપરેશન કરાવવું પડે છે.

થોડાક કમનસીબ માણસોને પેશાબની નળીમાં ચેપ લાગી જાય છે એને લીધે નળી સાંકડી થઈ જાય છે અને આ રોગ કેટલો ખરાબ છે એ તમે કોઈ દર્દીને પૂછો તો ખબર પડે કે પછી યુરોલોજિસ્ટ સર્જનને પૂછો તો ખબર પડે. વારંવાર સારવાર અને ઑપરેશન પછી પણ એનાં સારાં પરિણામો આવતાં નથી. એટલે મોટા ભાગના સર્જનો આવાં ઑપરેશન કરવાનું ટાળતા હોય છે.

આ દુઃખો, મુશ્કેલીઓને અટકાવવી એ ખૂબ જ સરળ વાત છે. આ કામ માતાનું છે. એ જો થોડીક કાળજી રાખે તો એના લાડકાની જિંદગીમાં આવનાર એક મોટા તોફાનને આવતું જ અટકાવી શકે છે.

યહૂદીઓમાં જન્મ પછી તરત જ અને મુસલમાનોમાં જન્મ પછી પહેલા મહિનામાં સુન્નતનું ઑપરેશન કરાવવાનો રિવાજ છે. એટલે



Scanned by CamScanner

એમને શિશ્નમણિનું કૅન્સર લગભગ થતું જ નથી. ધર્મના અનેક રિવાજો આરોગ્યની દૃષ્ટિએ ખૂબ જ ઉપયોગી હોય છે. આ એક નાનકડું દૃષ્ટાંત છે.

હવે તમે તમારાં સગાં સબંધીને ત્યાં ડિલિવરી પછી જાઓ તો કદાચ કપડાં કે દાગીના નહીં લઈ જાઓ તો ચાલશે, નજર ન લાગે એટલા માટે કાળું ટપકું નહીં કરો તો ચાલશે પણ આ તો નહીં જ ચાલે, તમે દાદી, કાકી, માસી કે ફોઈ હો તો તમારી ફરજ છે કે તમારા લાડકાને ભાવિમાં આવનાર વાવાઝોડાથી બચાવી લો. તમારું આવ્યું સફળ થઈ જશે. તમારા લીધે એનો ઘરસંસાર સુધરી જશે.

આ લેખ વાંચ્યા પછી યુવાનો તો પોતાનો પ્રશ્ન કદાચ સુધારી લેશે પણ માતાઓ કે જેમનાં બાળકો મોટાં થઈ ગયાં છે એમના માટે આ લેખ મૂંઝવણ વધારનારો થઈ શકે છે.

સૌથી સરળ રસ્તો યુવાનને સીધી વાત કરવાનો છે. કદાચ તમારાથી એ ન થઈ શકે તો ફૅમિલી ડૉક્ટર તમને તરત જ મદદ કરશે. તમારા પુત્રના મિત્રો પણ તમને મદદરૂપ થઈ શકે છે.

એક બીજો રસ્તો પણ છે. તમે તમારા પુત્રનાં કપડાં ધુઓ ત્યારે એના અન્ડરવેરનો અભ્યાસ કરો. જો એના ઉપર કોઈ ડાઘ હોય તો તરત જ ડૉક્ટરને બતાવો. જો એના ઉપર લોહીના ડાઘ હોય તો બિલકુલ ઢીલ ન કરશો.

એ કેટલી વખત બાથરૂમ જાય છે. એ બાથરૂમમાં કેટલો સમય લગાડે છે. એ પેશાબ કરે ત્યારે એની પેશાબની ધારનો અવાજ કેવો આવે છે. પેશાબની ધારનો અવાજ કેટલો લાંબો સમય ચાલે છે. એ સળંગ આવે છે કે તૂટક તૂટક આવે છે. આ બધું તમે બાથરૂમની બહાર ઊભા રહીને જરૂરથી સાંભળી શકો છો, ઘરની અંદર બાથરૂમ છે તો એનો જરૂરથી લાભ લો.

તમારી પુત્રવધૂ જોડે પણ તમે વાત કઢાવી શકો છો. તમે થોડોક પ્રયત્ન કરશો તો પુત્રવધૂ તમને આ વાત કરવા તૈયાર જ હશે. એને તો



Scanned by CamScanner

આ વાત કદાચ કરવી જ હશે પણ કોને કહે ? કેવી રીતે કહે એ મૂંઝવણમાં જ હશે. એની મૂંઝવણ તમે જરૂરથી ઘટાડી શકો છો.

આવો જ પ્રશ્ન વડીલોનો છે. વડીલોને જ્યારે આવા પ્રશ્નો થાય ત્યારે એ કોઈને વાત કરતા નથી અને એટલે પ્રશ્ન ધીરેધીરે વધી જાય છે. એટલો મોટો થાય છે કે બધા જ લોકો એના લીધે દુઃખી થાય છે. એના માટે એમનાં કપડાંનો અભ્યાસ, થોડી મર્યાદા સાથેની વાત કે પછી ડૉક્ટરની મદદ ખૂબ જ ઉપયોગી છે.

મોટાભાગના શિશ્નમણિનાં કૅન્સર થતાં અટકાવી શકાય છે અને જો તમે આ સદ્‌કાર્ય ઉપાડી લો તો એ બહુ જ સરળ છે, ખર્ચ વગરનું છે. સો ટકા પરિણામ આપે એવું છે.

આ કામ ડૉક્ટર નહીં કરી શકે, માતાઓ ચોક્કસ કરી શકશે, પણ માતાઓને આ માહિતી આપશે કોણ ? એના માટે માધ્યમની જરૂર છે. માતાને તો ફક્ત માહિતીની જ જરૂર છે પછી એને કંઈ જ કહેવાની જરૂર નહીં પડે. પોતાના બાળક માટે માતા આ કામ જરૂરથી કરશે.

એના માટે મારે તમારી જરૂર છે. **આ દેશને, આપણા સમાજને કૅન્સરથી મુક્ત કરવાનું કામ તમે ધારો એટલું અઘરું નથી. ઘણી વખત તો એ કામ ખૂબ જ સહેલું છે.**

અમારી પાસે આવું કૅન્સર થતું અટકાવવાના અનેક સરળ રસ્તાઓ છે, જેમાં મોટા ભાગે કોઈ જ ખર્ચ કરવાનો થતો નથી. અને કદાચ કૅન્સર થાય તો પણ આ કૅન્સર સંપૂર્ણપણે મટી શકે એવું કૅન્સર છે.

આ માટે જરૂર છે આ જ્ઞાનને સમાજના ખૂણે ખૂણે પહોંચાડે એવા દેશસેવકોની. તમારે કંઈ જ ખર્ચ કરવાનો નથી, સમય પણ ખાસ બગાડવાનો નથી. તમારે ફક્ત માધ્યમ જ બનવાનું છે.

**આ દેશ અને સમાજમાંથી કૅન્સરનો કાયમ માટે નિકાલ કરવાનું અશક્ય સપનું લઈને આજે હું તમારી વચ્ચે આવ્યો છું. મારું હૃદય મારો અનુભવ કહે છે, આ કામ એટલું અઘરું નથી.**

કૅન્સર વિજય અભિયાનમાં આપ સર્વેને જોડાઈ જવા માટેની મારી હાકલ છે.



Scanned by CamScanner

# શિશ્નમણિનું કૅન્સર

| એક નજર | |
|---|---|
| માત્રા | ઓછામાં ઓછા ૧ થી ૩ દર્દી દર એક લાખે. દર વર્ષે વધુમાં વધુ ૧૦ થી ૨૦ ટકા પુરુષોમાં સૌથી વધુ થતું કૅન્સર |
| ઉંમર | ૬૦ થી ૭૦ વર્ષમાં સૌથી વધુ. ૪૦ વર્ષથી ઓછા ૨૨ ટકા બાળકોમાં પણ શક્ય |
| થતું અટકાવી શકાય ? | હા |
| વહેલું નિદાન શક્ય છે ? | હા |
| નિદાનનો ખર્ચ રૂ. માં | ખૂબ જ સામાન્ય રૂ. ૧૦૦/- થી ૫૦૦/- |

પુરુષોને થતા કૅન્સરમાં આ એવું કૅન્સર છે જેને થતું અટકાવવું ખૂબ જ સરળ છે. એનું વહેલું નિદાન પણ ખૂબ જ સરળ છે. એની સારવારનાં પરિણામો પણ ખૂબ જ સારાં છે.

**કારણો :-**

આરોગ્યની દૃષ્ટિ, કલ્ચર અને ધર્મ આ રોગને વધારવામાં અને ઘટાડવામાં બહુ જ મહત્ત્વનો ફાળો આપે છે. યહૂદીઓ જન્મ પછી તરત જ સુન્નતનું ઑપરેશન કરાવે છે એટલે એમને શિશ્નમણિનાં કૅન્સર લગભગ થતાં જ નથી. અમેરિકન લોકો પણ જન્મ પછી તરત જ સુન્નતનું ઑપરેશન કરાવે છે એટલે એમને પણ શિશ્નમણિના કૅન્સર ખૂબ જ ઓછાં થાય છે. મુસ્લિમોમાં સુન્નતનું ઑપરેશન બાળક થોડું મોટું થાય પછી થાય છે એટલે એમનામાં શિશ્નમણિનાં કૅન્સરની માત્રા યહૂદીઓ કરતાં વધુ થાય છે. મોટી ઉંમરે સુન્નતનું ઑપરેશન કરાવવાથી કૅન્સર થતું અટકાવવામાં કોઈ જ ફાયદો થતો નથી. મતલબ એ થયો કે જે કંઈ **જાદુ થાય છે એ બાળપણમાં જ થાય છે.**



Scanned by CamScanner

**ખાસ યાદ રાખો :-**

બાળપણમાં સુન્નત કરાવવાથી કે બાળપણથી ઈન્દ્રિય સાફ રાખનાર માણસોને કૅન્સર થતું અટકી જાય છે અને બંનેનાં પરિણામો એક જ સરખાં સારાં આવે છે.

**આવું કેમ થાય છે ?**

શિશ્નમણિ ઉપર આવેલી ચામડી અને શિશ્નમણિની વચ્ચે કચરો ભેગો થાય છે, આ કચરો સાફ કરવામાં ન આવે તો એમાં ચેપ લાગે છે અને આ કચરો અને ચેપ બાળકની નાજુક અંતઃત્વચા ઉપર ભવિષ્યમાં કૅન્સર થાય એવા ફેરફારો પેદા કરે છે. જે લાંબાગાળે કૅન્સરમાં પરિણમે છે. હવે જો પેશાબની ચામડી સાંકડી હોય તો અથવા સ્વચ્છતાનો અભાવ હોય તો આ પ્રશ્ન વધુ તીવ્ર બને છે અને કૅન્સર થવાની શકયતા વધી જાય છે. એટલા માટે જ એશિયા અને આફ્રિકાના દેશોમાં આ રોગ વધુ થાય છે. પોર્ટુગલોમાં તો આ રોગ પુરુષોના કૅન્સરમાં સૌથી પહેલા ક્રમે આવે છે.

**શંકા કયારે કરવી ?**

(૧) ઈન્દ્રિયની ચામડી ઉપર ન ચડતી હોય ત્યારે.
(૨) ઈન્દ્રિયની ચામડી બરાબર સાફ ન કરતા હો તો.
(૩) વાસ આવતી હોય.
(૪) પરુ આવતું હોય.
(૫) શિશ્નમણિ ઉપરનું ચાંદું, લાલ ચકામા, નાનકડી ગાંઠ, સફેદ ડાઘ કે કોઈપણ પ્રકારનો નાનામાં નાનો ફેરફાર.

**નિદાન રસ્તા :**

બાયોપ્સી ચામડીના ટુકડાની તપાસ એ એક જ પાકા નિદાનનો રસ્તો છે. બને તો એકથી વધુ જગ્યાએથી અને શકય એટલા મોટા ટુકડા લેવા.

**સ્ટેજ :**

**શૂન્ય સ્ટેજ : ખૂબ જ નાની ચાંદી**

**સ્ટેજ-૨ : શિશ્નમણિથી ઈન્દ્રિય ઉપર ગયેલો રોગ**



Scanned by CamScanner

સ્ટેજ-૩ : ઑપરેશન શક્ય બને એવી સાથળની ગાંઠો
સ્ટેજ-૪ : ઑપરેશન શક્ય નથી તેવો રોગ

બીજાં પણ સ્ટેજ નક્કી કરવાની આનાથી વધુ સારી રીતો છે, પણ તેમાં તમારા માટે આ રીત વધુ ઉપયોગી છે.

**સારવાર :**

શૂન્ય સ્ટેજ : એટલો ભાગ કાપી નાખવો, લેશર, ક્રાયો, દવાઓ, શેકમાંથી ગમે તે એક કે વધુ પરિણામ ખૂબ જ સારું.
સ્ટેજ-૧ : ઈન્દ્રિય કાપવી પડે. પરિણામ સારાં આવે છે.
સ્ટેજ-૨ : ઈન્દ્રિય લગભગ આખી કે મોટાભાગની કાઢી નાખવી પડે.
સ્ટેજ-૩ : ઈન્દ્રિયનું ઑપરેશનની સાથે સાથળમાં એક બાજુ કે બંને બાજુ ઑપરેશન કરવું પડે. જરૂ પડે તો ઑપરેશન પછી દર્દીને શેક કે ઈન્જેકશન આપવાં પડે છે.

**સારાં પરિણામ લાવવા માટે શું કરવું ?**

(૧) નાની ઉંમરે સુન્નતનું ઑપરેશન કરવું પડે. જરૂર પડે તો બાળકને ઑપરેશન કે સ્વચ્છતાના પાઠ બરાબર શીખવો.
(૨) બિનજરૂરી શરમનો ત્યાગ કરવો.
(૩) ડરને ફેંકી દો. ડરના કારણે ઘણા લોકો ડૉક્ટરને બતાવવા જતા નથી. મારા અનુભવે શંકા ગયા પછી દર્દી લગભગ એકાદ વર્ષ મોડો ડૉક્ટરને બતાવવા આવે છે.
(૪) શિશ્નમણિ પરના કોઈપણ નાનામાં નાના ફેરફારને તરત જ ડૉક્ટરને બતાવો.

**ઑપરેશન પછીનું લગ્ન જીવન :**

શૂન્ય સ્ટેજમાં ઑપરેશન પછીના જીવનમાં કોઈ જ ફેરફાર આવતો નથી.

સ્ટેજ ૧માં ઑપરેશન પછીના લગ્નજીવનમાં ફેરફાર થાય છે. અનેક દર્દીઓના લગ્નજીવનના અભ્યાસ કર્યા પછી એવું લાગે છે કે થોડા ફેરફાર સાથે સંભોગનું સુખ માણી શકાય છે. અમુક કેસની અંદર



Scanned by CamScanner

તો એ લગભગ પહેલાં જેવું જ હોય છે, બાળકો પેદા કરવાં શક્ય છે.

સ્ટેજ ૨ની અંદર સંભોગનું સુખ માણવું અઘરું પડે છે અને જો ઈન્દ્રિય સંપૂર્ણ કાઢી નાખવી પડે તો એ સુખ કાયમ માટે જતું રહે છે, પણ પોતાને બાળકો પેદા કરવાં હોય તો અન્ય રસ્તાઓનો ઉપયોગ કરવો પડે છે.

સ્ટેજ ૩ના દર્દીઓનું જીવન થોડું મુશ્કેલ જરૂર હોય છે, પણ એમાંથી પણ બચવાના ચાન્સ હોય છે.

## વૃષણ કોથળીમાં શુક્રપિંડ ન હોવો

"પી. બી. ફ્રી છે?"

મેં કહ્યું, "હા"

"દસ જ મિનિટમાં આવું છું." એમ કહી આનંદે ફોન મૂકી દીધો. રોજ દિલપૂર્વક લાંબી વાત કરતા આનંદના આજના અવાજમાં ભયનો ઓછાયો સ્પષ્ટ હતો.

ભણવામાં પહેલેથી હોશિયાર, સંબંધો બાંધવામાં અને સાચવવામાં ચતુર અને એથી વધુ ધંધામાં ખૂબ જ ઝડપથી પ્રગતિ કરી નાની ઉંમરે પોતાની આવડતના બળે આગળ આવેલો.

પહેલા લગ્ન પછી એક બાળક અને એક વર્ષ પહેલાં જ બીજાં લગ્ન કરેલાં. એ એકલો જ આવેલો. આવ્યો એવો સીધો જ મને બેડરૂમમાં લઈ ગયો. "જોને મારા પેટના નીચેના ભાગમાં ગાંઠ છે." ધ્રૂજતા શબ્દોમાં, ધ્રૂજતા હાથે અને ધ્રૂજતા હૃદયે એણે કપડાં ઊંચાં કરી બતાવ્યું.

એના પેટની અંદર જમણી બાજુ ગાંઠ હતી. જમણી બાજુ વૃષણ કોથળીમાં શુક્રપિંડ ન હતો. મેં એને પૂછયું કે આવું છે એ તને ખબર છે? એને એ વાતની ખબર જ ન હતી.

આટલા હોશિયાર, ભણેલા, સફળ ધંધાદારીને અને બબ્બે લગ્ન પછી ત્રીસ ત્રીસ વર્ષ સુધી એને આ વાતની ખબર ન હતી. નરી આંખે દેખાય, સહેલાઈથી ખબર પડે એવી વસ્તુની એને ત્રીસ વર્ષ સુધી ખબર



Scanned by CamScanner

ન પડી. પછી તો તપાસનો દોર ચાલ્યો. ખબર પડી કે પેટમાં અનેક ગાંઠો છે. ફેફસામાં ગાંઠો છે અને ગળામાં પણ ગાંઠ છે. બાયોપ્સીમાં કૅન્સર આવ્યું.

એની બીજી પત્ની ગર્ભવતી હતી. છેલ્લા દિવસો જતા હતા. એનું બાળક એને પપ્પા કહે કે ઓળખે એ પહેલાં એનું મૃત્યુ થયું. જન્મ્યા પછી તરત જ બાળક અનાથ થયું. લગ્ન પછી તરત જ એની પત્ની વિધવા બની, ભરજુવાનીમાં અંધકાર છવાઈ ગયો. સ્વપ્નો તૂટી ગયાં. અરમાનો ડૂબી ગયાં. સંસારસાગરમાં મધ દરિયે એક કુટુંબ ઉપર દુઃખના ડુંગર તૂટી પડયા. બધાંની આંખમાં આંસુ હતાં. એકના એક પુત્રના મૃત્યુ પછી પિતા અવાક્ થઈ ગયા. જીવનસંધ્યાએ આવેલી માતા લગભગ ગાંડા જેવી થઈ ગઈ.

પણ હવે શો ફાયદો ? ત્રીસ ત્રીસ વર્ષ સુધી બેકાળજી રાખી. જન્મ પછી તરત જ ખબર પડે એવી વસ્તુની ત્રીસ ત્રીસ વર્ષ સુધી ખબર ન પડી. એક નાનકડા ઑપરેશનથી બાળપણમાં સુધરી જાય એવી ભૂલ છેવટે એટલી મોટી થઈ કે કિનારે આવેલું વહાણ ડૂબી ગયું.

આ રોગથી થતી મુશ્કેલીઓનું આ તો નાનકડું જ દૃષ્ટાંત છે. આવાં બાળકો મોટાં થતાં લગભગ ૨૫ ટકા લોકોને બાળકો પેદા થતાં નથી. અને જો બંને વૃષણ કોથળીમાં શુક્રપિંડ ન હોય અને સારવાર ન કરવામાં આવે તો લગભગ બધાં જ બાળકો મોટાં થાય ત્યારે શુક્રાણુઓ પેદા ન થવાથી બાળકો પેદા કરી શકતા નથી. આ નાનકડી ભૂલના કારણે અનેક દંપતી બાળકો માટે આખી જિંદગી તડપતાં તડપતાં વીતાવે છે.

દરેક બાળકને જન્મ વખતે વૃષણ કોથળીમાં બે શુક્રપિંડ હોવા જોઈએ. એની તપાસ કરતાં ફક્ત પંદર સેકંડ લાગે. ક્યારેક કોઈ બાળકને ન હોય તો નાનકડા ઑપરેશનથી એને સહેલાઈથી નીચે ઉતારી શકાય છે.

**ખબર નહીં કેમ કેટલાંક કમનસીબ બાળકોની આ તપાસ કરવાની**



Scanned by CamScanner

ડૉક્ટરો અને મા બાપથી રહી જાય છે. અને પછી પેટમાં રહેલા બે શુક્રપિંડમાં પાછળથી કૅન્સર થાય છે. એ પણ ખરા વખતે ભરજવાનીમાં લગ્ન કર્યા પછી તરત જ અને પછી સર્જાય છે દુઃખોની પરંપરા. તમારે પણ કોઈ લાડકવાયો હશે. તમારી આજુબાજુમાં, સગાં સંબંધીઓમાં કોઈ બાળક હશે. એની વૃષણ કોથળી તમે જાતે તપાસી લો. તમારાથી ના ખબર પડે તો ડૉક્ટરને બતાવો.

પુણ્યનું એક મોટું કામ થશે. કોઈનું જીવન બચી જશે. અનેકના જીવનમાં અંધકાર આવતો અટકી જશે.

મંદિરમાં જવાથી પુણ્ય મળતું હશે. દાન કરવાથી પુણ્ય મળતું હશે. એનાથી પણ વધુ પુણ્ય આનાથી મળશે. એ દિવસે, એ અઠવાડિયે તમે મંદિરે નહિ જાઓ તો પણ ભગવાન તમારી હાજરી પૂરશે. **તમારાથી ભગવાનને પૂર્ણ સંતોષ થશે. એક મંદિર બંધાવો એનાથી પણ મોટું પુણ્ય તમને મળશે.**

કોઈનું જીવન સુધારવાથી મોટું કોઈ પુણ્ય નથી. તમારા જ્ઞાનનો લાભ લેવા અનેક અજ્ઞાની બાળકો ચારે બાજુ રખડે છે. એમને આજે જ ઉગારી લો. કાલે કદાચ બહુ જ મોડું થઈ જશે. આજે ચોવીસે કલાક, બારેમાસ, ચારે કોર સતત માહિતીની વર્ષા થઈ રહી છે. એટલી બધી માહિતી કે જે પચાવવી ખૂબ જ અઘરી છે. પણ આ માહિતીના ધોધની અંદર સારું જીવન, સુખી જીવન, કૅન્સર મુક્ત જીવન જીવવાની માહિતી ખૂબ જ ઓછી છે.

મોટાભાગના લોકો કૅન્સર વિશે સતત અજ્ઞાનમાં રહે છે અને એટલે એ લોકો કૅન્સરથી ખૂબ જ ડરે છે, ગભરાય છે, હૃદયથી ભાંગી પડે છે, નિરાશ થઈ જાય છે, હારી જાય છે.

પણ ખરેખર કૅન્સર એ વાઘ નથી. એ નાનકડો મચ્છર છે. **આપણું અજ્ઞાન, આપની બેદરકારી, આપણી શરમ એ મચ્છરને ધીરે-ધીરે મોટો થવા દે છે. અને એ વાઘથી પણ મોટો** થઈ જાય છે અને આપણી આખી જિંદગીની મહેનત પાણીમાં ફરી વળે છે.



Scanned by CamScanner

ન જોવાનું આપણે ઘણું જોઈએ છીએ પણ જોવા જેવું આપણે જોતા નથી, ન કરવાનું આપણે ઘણું કરીએ છીએ પણ ખરેખર કરવા જેવું કામ આપણે કરતા નથી.

મોટાભાગના શુક્રપિંડનાં કેન્સર થતાં અટકાવી શકાય તેવાં હોય છે. એનું વહેલું નિદાન તો એકદમ સરળ છે. તમે તમારા બંને શુક્રપિંડને જાતે દર મહિને એક વખત તપાસો એમાં કંઈપણ ફેરફાર થાય તો તરત જ ડૉક્ટરને બતાવો એમાં ઢીલ ન કરશો. પાકા નિદાનનો આગ્રહ રાખો, વાત અધૂરી ન છોડશો.

જો કદાચ શુક્રપિંડનું કેન્સર થાય તો એ સંપૂર્ણ મટી શકે છે. એ માટેનું ઓપરેશન પણ ખૂબ જ સારું છે, એટલું સારું કે ઓપરેશન કરીને તરત જ દર્દીને ઘરે મોકલી શકાય.

પણ તમે એકલા આ વાત જાણતા હશો તો તમારું એકલાનું ભલું થશે. આપણે તો આખા સમાજનું, આખા દેશનું, સર્વેનું કલ્યાણ કરવું છે. એ નાનકડાં ભૂલકાંઓનું કલ્યાણ કરવું છે. જેમને હજી કોઈ બુદ્ધિ નથી, જેમનું રક્ષણ કરનાર કોઈ જ નથી.

તમારે જ કામ કરવું પડશે. તમારે જ લોકોને તૈયાર કરવા પડશે. તમારે જ લોકોને જાગૃત કરવા પડશે.

એક વખત આ જ્ઞાન માતાઓ સુધી પહોંચી જાય પછી કોઈ તકલીફ નથી.

આ દેશની માતાઓ શરમાળ છે, એમનામાં સંકોચ છે પણ એમનું જીવન એમના ઘર માટે સંપૂર્ણપણે સમર્પિત છે. એમને એક વખત આ જ્ઞાન મળી જશે તો આ દેશમાં આ કેન્સર મોટા ભાગનાને થતું અટકી જશે. જેમને થશે એ બધાનું વહેલું નિદાન કરવાથી સંપૂર્ણપણે મટાડવું પણ સરળ થઈ જશે.

તમે જ્યાં જાઓ ત્યાં, ઘરે, સગા સંબંધીઓને ત્યાં, ધંધાના સ્થળે, લગ્ન વખતે, જ્યાં તક મળે ત્યાં દરેક જગ્યાએ આ જ્ઞાનને આપણે પહોંચાડવાનું છે.



Scanned by CamScanner

કૅન્સર એટલે કૅન્સલ એ વાત ખોટી છે. કૅન્સરને થતું અટકાવી શકાય છે. કૅન્સરનું વહેલું નિદાન શક્ય છે. કૅન્સરને મટાડવું શક્ય છે. કૅન્સરની સારવાર પછી સામાન્ય જીવન જીવવું શક્ય છે.

માહિતીનો ભંડોળ અમારી પાસે ધૂળ ખાતો પડયો છે અને દેશના યુવાનોનું ભાવિ ધૂળમાં રોળાઈ રહ્યું છે. જ્ઞાનનો ખજાનો અમારા મગજમાં કટાઈ જઈ રહ્યો છે અને સમાજનાં અનેક કટુંબો કૅન્સરના કાટથી ખવાઈ રહ્યાં છે. અનેકની આખી જિંદગીની મજૂરી પાણીમાં જઈ રહી છે અને અમે અફસોસ કરતાં કરતાં આ બધું જોઈ રહ્યા છીએ.

હવે બહુ થયું, આ બધું અમને મંજૂર નથી. આ દેશના કોઈ યુવાન, કોઈ માતા કે કોઈ વ્યક્તિને કૅન્સર થતું અટકાવી શકાય એવું છે. એનાથી મૃત્યુ પામે એ વાત અમને મંજૂર નથી અને એવાં કૅન્સર તો અનેક છે, જે થતાં અટકાવી શકાય છે. આ દેશ માટે, આ સમાજ માટે આ પડકાર છે.

કૅન્સર વિજય અભિયાનના અમારા આ સ્વપ્નમાં તમે પણ જોડાઈ જાઓ. આજે નહિ તો કાલે આ વાત આપણે દૂરદૂરના દરેક લોકોને જરૂરથી પહોંચાડી શકીશું.

**તમારા જીવનને સાર્થક બનાવો, તમારા જીવનને ધન્ય બનાવો, તમે સ્વતંત્ર ભારતમાં અનેકના ભાગ્ય વિધાતા બની અનેકના તારણહાર બનો. તમારા એક વિચાર ઉપર, તમારા એક શબ્દ ઉપર, તમારા એક કાર્ય ઉપર અનેકનું જીવન નિર્ભર છે.**

તમે સદ્નસીબ છો કે આ જ્ઞાન તમને છે. તો તમારી જવાબદારી છે કે આ જ્ઞાન અન્યને વહેંચો અને અન્યના જીવનને નવું જીવતદાન આપો.

Scanned by CamScanner

# સુહાગરાતે ફૂટતો ટાઈમ બૉમ્બ

આઈ.એ.એસ. ઑફિસરોની દુનિયામાં શર્મા સાહેબનું વિશિષ્ટ નામ હતું. એ જે સમય આપે ત્યારે હાજર હોય. એ જે કામ કરે તેમાં અત્યંત ચોકસાઈ હોય. દરેક કામ તેઓ પ્લાનિંગથી કરે. એમનું હૃદય એમના કાર્યમાં હોય એટલે એ એક સફળ અધિકારી હતા.

વિદ્યાર્થીકાળથી જ આયોજન અને પરિશ્રમના કારણે એમનો ઝડપી વિકાસ થયો. વડાપ્રધાનના એ અત્યંત માનીતા અને વિશ્વાસુ અધિકારી હતા. જ્યારે વડાપ્રધાનને ખૂબ જ અઘરું જોખમકારક કે ગુપ્ત કામ કરવાનું હોય ત્યારે એ શર્મા સાહેબની પ્રથમ પસંદગી કરતા.

એમની જેમ એમનો એક પુત્ર વિરલ પણ ખરેખર વિરલ હતો, પિતાનો વારસો કહો, ગમે તે કારણ હોય પણ બાપ કરતાં બેટો સવાયો હતો.

બાળપણમાં વેક્સિનેશન, ખોરાકનું ચુસ્ત આયોજન, નિયમિત કસરત, ધ્યેય નિષ્ઠા અને અભ્યાસમાં સતત સફળતા.

લાખોમાં એક આ યુવાનનાં લગ્ન એના જેવી જ ઉજ્જવળ કારકિર્દીવાળી અને સોહામણી ઉજ્જવલા જોડે થયાં.

સમૃદ્ધ ખાનદાનના આ સફળ અને આંશાસ્પદ તારાઓનાં લગ્ન અત્યંત ધામધૂમથી થયાં.

આયોજન વ્યવસ્થા, પૈસા, બુદ્ધિ કે સંબંધો કશાયની ખોટ ન હતી, એટલે સાહેબના હૃદયમાં આનંદની કોઈ સીમા ન હતી. એમના વર્ષોના એકધારા પરિશ્રમનું આ ફળ એમને ખૂબ જ મીઠું લાગતું હતું.

લગ્ન પછી આશીર્વાદ માગવા આવેલા દંપતીના હાથમાં એ જ રાતની પ્લેનની ટિકિટ અને ફાઈવસ્ટાર હોટલનું રિઝર્વેશન આપી નવદંપતીનું હૃદય એમણે જીતી લીધું.

સુહાગરાતનું દરેક યુવાહૃદયમાં વિશિષ્ટ સ્થાન હોય છે. જીવનસાથી સાથે હૃદયના ભાવો વ્યક્ત કરવાની એકબીજાને ખૂબ જ



Scanned by CamScanner

નજીકથી સમજવાની, નવજીવન શરૂ કરવાની, સ્વપ્નોને સાકાર થતાં જોવાની એ વિશિષ્ટ રાત હોય છે.

વિરલ અને ઉજ્જવલા માટે બધાં જ પાસાં સવળાં હતાં. બંને દેખાવડાં, હોશિયાર અને સફળ કારકિર્દીવાળાં હતાં. બંનેનાં મા-બાપ પણ સફળ અને સમૃદ્ધ હતાં.

એમાં વળી એમના મનપસંદ સ્થળે જવાની પ્લેનની ટિકિટ અને ફાઈવસ્ટાર હોટલનું રિઝર્વેશન મળતાં આનંદની કલ્પના થઈ શકે એમ ન હતી.

મોં મલકાતું હતું. હૃદયમાં ભાવો ઊભરાઈ રહ્યા હતા. આંખોમાં શરમ હતી. યુવાહૃદયોને ક્યારે એકાકાર થઈ જવાય એ ભાવ હતા, હૈયાં ધબકતા હતાં.

મધ્ય રાત્રિ હતી, આછા અજવાળામાં આ નવદંપતી એકાકાર થવાની તૈયારીમાં હતાં, ત્યાં જ વિરલથી ઓચિંતાની બૂમ મરાઈ ગઈ.

ઉજ્જવલા સફાળી બેઠી થઈ ગઈ. વિરલ દુઃખથી કણસતો હતો. ત્યાં ઉજ્જવલાએ લોહીના ડાઘા જોયા. વિરલ આ લોહી ક્યાંથી?

જો આ તો તારી ઈન્દ્રિયમાંથી લોહીની ધાર વહે છે. ઉજ્જવલા બેબાકળી થઈ ગઈ.

શબ્દોથી જેનું વર્ણન ન કરી શકાય, કલ્પનાના ઘોડા જેને આંબી ન શકે, જિંદગીમાં ફક્ત એક જ વખત આવે એવા પરમ સુખની, પરમ આનંદની પરમસીમા વખતે આ મુશ્કેલી આવે છે.

એક બાજુ આશા, અરમાનો અને સ્વપ્નો, બીજી બાજુ શરમ, સંકોચ અને મધરાતનું એકાંત અને ત્યાં જ આ મુશ્કેલી ત્રાટકે છે.

અને પછી થાય છે, જાહેરમાં તમાશો. રજનું ગજ થાય છે. જાણે નાટક જ જોઈ લો.

એમને પણ એવું જ થયું. થોડા વખત સુધી શું કરવું, શું ન કરવું એની એમને ખબર ન પડી. એમનાથી થાય અને આવડે એ બધું જ કરી છૂટ્યાં, પણ લોહી ચાલુ જ રહ્યું. કપડાં લોહીલુહાણ થઈ ગયાં. હાથ



Scanned by CamScanner

લોહીલુહાણ થઈ ગયા. હવે વિરલને ચક્કર આવવા માંડયા. હવે કોઈ જ છૂટકો ન હતો. ઉજ્જવલાએ બેલ મારીને બધાને ભેગા કર્યા. શરમ, સંકોચ, માન-મર્યાદા નેવે મૂકીને એ જ હાલતમાં વિરલને તાત્કાલિક હૉસ્પિટલમાં દાખલ કર્યો.

તરત જ લોહી ચડાવ્યું અને ઑપરેશન કર્યું.

લગ્નના થાક અને આનંદમાં ઘસઘસાટ ઊંઘતા બંને વેવાઈઓ મારતી ગાડીએ હાંફળા ફાંફળા ગાડી લઈને દોડયા. એકબાજુ અનેક દિવસના ઉજાગરા અને થાક, બીજી બાજુ એકના એક લાડકા દીકરાને શું થયું એની ચિંતા.

રસ્તામાં ભયંકર અકસ્માત થયો અને વિરલના પપ્પા સ્થળ ઉપર જ મૃત્યુ પામ્યા. જેણે આખી જિંદગી કોઈ જ ભૂલ નહોતી કરી, જેમનું પ્લાનિંગ એકદમ પરફેક્ટ હતું, સફળતા કાયમ જેના કદમ ચૂમતી હતી, એનું જ એના જીવનના સર્વોચ્ચ આનંદના સમયે મૃત્યુ થયું.

નાનો હતો ત્યારે ટોઈમબૉમ્બની વાતોથી હું ઉત્તેજિત થઈ જતો. અનેક દેશના ક્રાંતિકારીઓ ટાઈમબૉમ્બ મૂકતા એની વાર્તાઓ મને વાંચવી બહુ ગમતી.

એમાંના કોઈક સફળ થતા. ઘણા નિષ્ફળ જતા.

પણ આ ટાઈમબૉમ્બ અચૂક છે. મોટા ભાગના ડૉક્ટરોની હોશિયાર નજરમાંથી એ અચૂક છટકી જાય છે અને બરાબર ટાઈમે એ અચૂક ફાટે છે.

એનું નામ છે Short Frumulam અથવા જનન ઈન્દ્રિયની ટૂંકી લગામ. સામાન્ય સંજોગોમાં તપાસમાં કંઈ જ આવતું નથી. દર્દીને કંઈ જ તકલીફ થતી નથી. ઈન્દ્રિય ટટ્ટાર થાય તોયે કંઈ તકલીફ થતી નથી, પણ સુખની પરાકાષ્ટા વખતે આવેગ સાથે ઈન્દ્રિય અને એની ઉપરની ચામડી વચ્ચે થતા ખેંચાણમાં આ લગામ તૂટી જાય છે.

મોટા ભાગના લોકો વિરલ જેટલા કમનસીબ હોતા નથી અને એમના પ્રશ્નો જાહેરમાં તમાશો થતા બચી જાય છે, પણ એમની જિંદગીમાં



Scanned by CamScanner

એમને એક કાયમી અફસોસ કે વસવસો રહી જાય છે.

**અણુબૉમ્બ કરતાં મોટું સુરસુરિયું :**

મોટાભાગના લોકોના પ્રશ્નો આનાથી નાના હોય છે, પણ મારી દૃષ્ટિએ એટલા નાના નથી. પ્રશ્ન એવો થાય કે પરમસુખની ઘડીએ Short Frumulam ખેંચાય તો ઈન્દ્રિય ઢીલી પડી જાય. અત્યંત ઉત્તેજિત થયેલી પત્ની સંભોગનું સુખ ભોગવી શકતી નથી અને પતિ લાચાર થઈને હારીને બેસી જાય છે.

આ વાતને નાની કેવી રીતે કહેવાય, સુખનો સાગર જ્યારે જ્યારે છલકાતો હોય, જ્યારે પ્રેમનો જ્વાળામુખી ફાટી નીકળ્યો હોય, યુવાન હૃદય હોય, આશાઓ અને અરમાનોના ઢગલા હોય અને કોઈ ન સાંભળી શકે, કોઈ ન સમજી શકે એવાં દુઃખો વચ્ચે બે યુવાન હૃદયો તડપતા જોવા એ અણુધડાકા કરતાં પણ મને મોટું લાગે છે.

આવા ન ઉકલેલા પ્રશ્નો પછી જીવનમાં મોટા ધડાકા કરે છે. આ રોગનું કારણ છે કુદરત અને એનો ઉપાય છે એક નાનું ઑપરેશન. એટલું નાનું કે દર્દીને ઑપરેશન થિયેટરમાંથી સીધા જ ઘેર મોકલી શકાય. ઑપરેશન કરાવ્યું એવી કોઈને કદાચ ખબર જ ન પડે. તમે જો યુવાન હો, અપરિણીત હો તો આજે જ તમે જાતે જ તમારું પરીક્ષણ કરી લો. ઈન્દ્રિય ઉપરની ચામડી નીચે ખસેડો, જરાક જોરથી અને પાછળની બાજુ આવેલા પાતળી દોરી જેવા Frumulam ઉપર દુખાવો થાય તો તરત જ ડૉક્ટરને બતાવી દો.

અનેક યુવા હૃદયોનાં દુઃખો હું જોઈ ચૂક્યો છું. અનેકનાં અરમાનોને આથમતાં હું જોઈ ચૂક્યો છું. હું એવા પણ લોકોને ઓળખું છું, જેણે મારી આગળ એમ કહ્યું હોય કે મારામાં કોઈ ખામી હોય તો મને કહો, હું સામેથી છૂટાછેડા લઈ લઉં.

**તમારા સુખની વચ્ચેની આ નાનકડી અને છતાં ખૂબ મોટી આડખીલી મારે આ સમાજમાંથી કાયમ માટે દૂર કરવી છે, પણ હું એકલો છું, લાચાર છું, મને તમારી મદદની ખૂબ જ જરૂર છે. આ શુભ**



Scanned by CamScanner

કાર્યમાં તમે આજે જ જોડાઈ જાઓ. આ સંદેશો દેશના એકે એક યુવાનને પહોંચાડવામાં તમે નિમિત્ત થાઓ. મારા દેશની યુવાશક્તિને મારા જ્ઞાનનો પૂરેપૂરો લાભ મળે, મારાથી આપી શકાય એ બધું જ સુખ એમને મળે એવી મારી પરમાત્માને પ્રાર્થના.

## રજનું ગજ

"શી તકલીફ છે ?"

"પેશાબની તકલીફ છે."

"ક્યારની છે ?"

"મારા જન્મથી"

"આખી વાત પહેલેથી કરો."

"હું નાનો હતો ત્યારે પેશાબ કરતાં રડતો, ત્યારે મારી મમ્મીએ ડૉક્ટરને બતાવ્યું, ડૉક્ટરે ઑપરેશનની સલાહ આપી, પણ મારી મમ્મીને ઑપરેશનથી બહુ જ ડર લાગતો હતો, એટલે ઑપરેશન ન કરાવ્યું."

"પેશાબની ચામડીના ઑપરેશન પછી મને થોડું સારું લાગ્યું, પણ હજી મને પેશાબની તકલીફ રહેતી હતી, ધીરે ધીરે એ તકલીફ વધવા લાગી. અમે ડૉક્ટરને બતાવ્યું."

"ડૉક્ટરે પેશાબના માર્ગમાં દવા નાખી ફોટા પાડયા તો ખબર પડી કે પેશાબનો માર્ગ બગડેલો છે. રસ્તો સાંકડો થઈ ગયેલો છે. પેશાબની ચામડીનું સમયસર ઑપરેશન ન કરાવવાથી પેશાબના માર્ગે પરુ થયું અને એનાથી આ માર્ગ સાંકડો થઈ ગયો છે."

"પછી ?"

"પછી, શરૂ થઈ મારાં દુઃખોની વણથંભી વણજાર."

"પેશાબના માર્ગે નળીઓ નાખી જોઈ દૂરબીનથી તપાસ કરી અને ઑપરેશન કરવા સળિયા નાખી જોયા. આ રિપોર્ટ કરાવ્યા ને પેલા રિપોર્ટ કરાવ્યા."

"થોડા દિવસ સારું લાગે અને પછી એની એ જ તકલીફ."

એકી શ્વાસે બે મિનિટમાં એણે એનાં પચ્ચીસ વર્ષનાં દુઃખો કહી નાખ્યાં. બાળપણનો રમત રમવાનો ને આનંદ કરવાનો એનો સમય હૉસ્પિટલમાં ગયો ગતો. એના બાળમિત્રો અભ્યાસ કરતા હતા ત્યારે એ હૉસ્પિટલમાં દુઃખનાં આંસુ સારતો હતો. યુવાનીમાં ધીંગામસ્તી કરતા હતા ત્યારે એ એકલો એકલો રીબાતો હતો. જેટલી વખત પેશાબ કરવાની ઈચ્છા થાય ત્યારે એ રોકી રાખવા પ્રયત્ન કરતો, ન જવું પડે તો સારું એવી ભગવાનને પ્રાર્થના કરતો હતો, ના છૂટકે પેશાબ કરવા જતો ત્યારે બંધ બારણે એ એકલો નાજુક અવયવ ઉપર થતી અસહ્ય વેદના સહન કરતો હતો.

ઑપરેશન પછી સરસ રીતે થતો પેશાબનો આનંદ, ધીરે ધીરે પાતળી થતી ધાર, ધીરે ધીરે પેશાબ કરતાં વધુ લાગતો સમય, પેશાબ કરવા માટે કરવું પડતું જોર, પેશાબ કર્યા પછી બગડતાં કપડાં, ટીપે ટીપે થતો પેશાબ, બંધ થઈ જતો પેશાબ, પેશાબની કોથળી ભરાઈ ગયા પછીની અસહ્ય વેદના, પેશાબ કરાવવા માટે નાખવી પડતી નળીઓની વેદના, માતા-પિતાને પડતી સમયની તકલીફો, ઈમરજન્સીમાં ડૉક્ટર મળે કે ના મળે એવા પ્રશ્નો, ફરીથી કરાવવું પડતું ઑપરેશન અને આ બધા સાથે વારંવાર પડતી પૈસાની જરૂર અને એના લીધે ઘરની બગડતી જતી આર્થિક સ્થિતિ. ભગવાને એને જાણે દુઃખો જોવા અને સહન કરવા માટે જ પેદા કર્યો હોય.

ડૂબતો માણસ તરણું પકડે એમ છેલ્લે તમારી પાસે આવ્યો છું. એના ચહેરા પરની વેદના, એનાં કહી ન શકાય અને સમજી પણ ન શકાય એવાં પચીસ પચીસ વર્ષનાં દુઃખોએ મને હચમચાવી નાખ્યો.

સામાન્ય રીતે આવા દર્દીઓને મોટાભાગના ડૉક્ટરો ટાળતા હોય છે. લાંબા ગાળાની સારવાર, ખર્ચ વધુ, સારા થવાની શકયતાઓ ઓછી, જશ કરતાં અપજશ મળવાની શક્યતાઓ વધુ.

આ બધું હોવા છતાં ના કહેવાની ઈચ્છા છતાં લાગણીમાં આવી જતાં હું ના ન કહી શકયો.



Scanned by CamScanner

પછી થઈ મારા અને એનાં દુઃખોની વણજાર, બે વર્ષ સુધી જાત જાતના પ્રયત્નો કર્યા, યુરોલોજિસ્ટને જોડે રાખીને પ્રયત્ન કર્યા છેવટે થાક્યા.

"હવે એક છેલ્લો રસ્તો છે."

"જે હોય તે કરી કાઢો, હું હવે થાક્યો છું."

"પણ એમાં લાંબી પ્રક્રિયા છે. શરૂઆતમાં તો પેશાબ મળમાર્ગે અને વૃષણકોથળીની વચ્ચેથી આવશે અને ઑપરેશન મોટું અને ખર્ચાળ છે. સફળ થાય કે ન પણ થાય. મારી મૂંઝવણો મેં એને કહી."

"જે કરવું હોય એ કરો, આમાંથી મને હવે છોડાવો, જરૂર પડશે તો ઘર વેચી મારીશ, થોડું વધુ દેવું કરીશ."

"દુઃખોથી કંટાળી, હારી, થાકી ગયેલો એ માણસ હવે બધું જ કરવા માટે તૈયાર હતો. દુઃખોના ડુંગર વચ્ચે એની બુદ્ધિ બહેર મારી ગઈ હતી. સુખની એક નાનકડી છાયા માટે એ તડપતો હતો."

છેવટે અમે એને પેશાબનો નવો માર્ગ કરી આપ્યો. વૃષણ કોથળી અને મળમાર્ગ વચ્ચે.

હવે એ બીજા પુરુષોની જેમ ઊભા ઊભા પેશાબ ન કરી શકે. સ્ત્રીઓની જેમ એને બેસીને પેશાબ કરવો પડે. એટલું જ નહીં એને પેશાબ કરતાં વૃષણકોથળી ઊંચી રાખવી પડે, નહિતર એ ભીંની થાય.

ઑપરેશન પછી એ બહુ ખુશ હતો.

"સાહેબ, આવો પેશાબ તો મારી જિંદગીમાં નથી થયો. ફક્ત અડધી મિનિટમાં પેશાબ થઈ જાય છે. કેટલી જાડી ધાર આવે છે. સાહેબ તમે તો ભગવાન છો."

બીજા સ્ટેજનું ઑપરેશન કરવાનું આવ્યું ત્યારે એણે સ્પષ્ટ ના પાડી.

"સાહેબ, હવે મારે કોઈ ઑપરેશન કરાવવું નથી. ત્રીસ વર્ષમાં આવું સુખ ક્યારેય મળ્યું નથી. હવે મારે કોઈ જોખમ લેવું નથી. ભલે નીચેથી પેશાબ થાય પણ આટલો સરસ પેશાબ તો થાય છે ને. મારા

સુખની તમને કલ્પના નહીં આવે. હવે હું બહુ જ સુખી છું. હવે ભગવાને મને બધું જ સુખ આપ્યું છે."

પેશાબ સારી રીતે કરવાનું એ કેટલું મોટું સુખ છે એની મને આજે જ ખબર પડી. ભગવાને આપણને આપેલાં સુખો કેટલાં બધાં છે અને કેવાં કેવાં છે એની મને આજે જ ખબર પડી, કરુણાસાગરની આપણા ઉપર કેટલી બધી કરુણા છે એનો મને અહેસાસ થયો.

એ વાતને દસ વર્ષ થઈ ગયાં. એક દિવસ એક જાહેર સ્થળે મારી પાછળથી અવાજ આવ્યો.

"સાહેબ, હું એને તરત જ ઓળખી ગયો. એની જોડે એની પત્ની અને એક બાળક પણ હતું. મેં પૂછ્યું, "મજામાં."

"સાહેબ, તમારી અને ભગવાનની કૃપાથી ખૂબ જ સુખી છું. આ બાબો પણ હવે પાંચ વર્ષનો થયો."

એનો હરખ એના હૃદયમાં સમાતો ન હતો એ બોલે જ જતો હતો, એના હૃદયના ભાવોને મારાથી સારી રીતે સમજે એવું બીજું કોઈ જ ન હતું. એટલે એનું હૃદય મારી આગળ એ ખાલી કરતો હતો.

મારી નજર એની પત્ની ઉપર પડી. એના મુખ ઉપર સુખ અને દુ:ખના મિશ્ર ભાવ હતા. એની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં, સહેજ ત્રાંસું જોઈને એણે રૂમાલથી લૂછી દીધાં.

ઘરે આવ્યા પછી પણ મારું મન એ સન્નારી ઉપર હતું. સ્વચ્છ અને સુઘડ, કપાળમાં ચાંદલો અને સેંથામાં સિંદૂર, માથામાં વેણી હતી, પત્ની સાથે હતી , સાથે બાળક હતું, કોઈપણ જુએ તો એને એમ જ થાય કે આ દંપતી કેટલું સુખી હશે !

મને થયું આ સુખની વચ્ચે એણે કેટકેટલાં દુ:ખો ભોગવ્યાં હશે. એનાં સપનાંઓને, એનાં અરમાનોને એના હૃદયમાં ધરબી દઈને પતિની એણે વર્ષો સુધી સેવા કરી હશે. એના હૃદયની વરાળ એનાં મા બાપ, એનાં સાસુ સસરા કે કદાચ એના પતિ સુધી પણ એણે જવા નહીં દીધી હોય.

સંભોગનું સુખ તો દૂર રહ્યું પણ માતા થવા માટે પણ એને કૃત્રિમ વીર્યદાન લેવું પડ્યું હશે. કૃત્રિમ વીર્યદાન ભલે એ એના પતિનું જ હશે પણ છતાં એના હૃદયને એ કેવું દઝાડી ગયું હશે.

હા, હવે એના પતિ જોડે એ સંભોગનું સુખ તો માણતી જ હશે પણ એ પણ કેવું ?

આનંદની પરાકાષ્ટાએ એના પતિના વીર્યનું સ્ખલન એની યોનિમાં નહીં પણ ફુવારાની જેમ એના પગ ઉપર પડતું હશે. પરાકાષ્ટાના સુખથી એ કાયમ માટે વંચિત રહી ગઈ હશે.

આ દેશની સન્નારીઓમાં અનેક રૂપો જોયાં છે. પણ એને જોઈને હું દંગ રહી ગયો, સમુદ્રમંથન વખતે વિષપાન કરીને નીલકંઠ કહેવાતા શંકરની કથા મેં સાંભળી છે, પણ આ જીવનમંથનમાં આખી જિંદગી સુધી તડપ્યા કરતી અને કોઈને પણ ગંધ સુદ્ધાં આવવા ન દેતી આ પાર્વતીને શું નામ આપવું એની મને ખબર ન પડી.

પોતાના માટે ભગવાને આપેલો અમૃતનો પ્યાલો પોતાની નજર સામે રોજ રોજ ઢોળાઈ જાય, સરિતાના કાંઠે હોવા છતાં તરસ્યાં રહી જવાય, યૌવનના ભાવો કાયમ માટે અવ્યક્ત રહી જાય અને છતાં એ દુઃખો માટે આંખમાંથી એક આંસુ ન નીકળે, એક ઊનો શ્વાસ ન નીકળે, જિંદગીભરના આ મહાતપ માટે શું નામ આપવું એની મને ખબર ન પડી.

આ દેશના પાયાને કેમ કોઈ હચમચાવી શકતું નથી. આટલી બધી આફતો અને મુશ્કેલીઓ વચ્ચે આ દેશ કેમ ટકી રહ્યો છે એની મને આજે ખબર પડી.

**બાળપણમાં રમત રમતમાં થઈ જાય એવાં કામ માટે પરીક્ષા આપવી પડે. અગ્નિપરીક્ષા આપવી પડે એ તો કેવું દુઃખદ, સીતાને તો અગ્નિપરીક્ષા એક જ દિવસની હતી. અહીં તો રામ અને સીતા દરરોજ અગ્નિપરીક્ષાઓ આપે છે. આખી જિંદગી સુધી.**

અનેકના જીવતરને રગદોળી નાખતા, કૅન્સર થવાની શકયતા



Scanned by CamScanner

વધારતા આવા રોગને અટકાવવા માટે તમારા જેવા સંવેદનશીલ અને પરગજુ ભાઈઓ અને બહેનોની અમને સખત જરૂર છે. આપ અમારો સંપર્ક કરો.

## સુખનો રામબાણ ઈલાજ

### માની મમતા

કેટલું અઘરું, કેટલું સહેલું.

"સાહેબ, કબજિયાત છે."

"ક્યારની છે ?"

"જન્મથી."

"કેટલાય ડૉક્ટરો બદલી કાઢયા, કેટલાય ઈલાજ કર્યા, દવાઓ લીધી, ઈસબગુલ લીધું, કાયમ ચૂર્ણ લીધું, હરડે લીધી, જાતજાતના ખોરાક લીધા, સવારે પાણી પીધું, થોડોક સમય સારું થાય છે પછી હતું એમનું એમ."

"સંડાસ જતાં જોર કરવું પડે છે, છતાં સંડાસ ન આવે તો આંગળી નાખીને ઝાડો બહાર કાઢું છું. હવે તો જાતે એનિમા લેતા પણ શીખી ગયો છું. રોજ રોજ ડૉક્ટરને ક્યાં શોધવા."

"સવાર થાય અને ટેન્શન શરૂ થઈ જાય છે. લાંબા વખત સુધી મારા લીધે આખું ઘર હેરાન થતું હતું. ક્યારેક મશ્કરી પણ કરે છે."

"સાહેબ, છેલ્લાં ઘણાં વર્ષોથી તો બહારગામ જવાનું જ બંધ કરી દીધું છે. જાઉં તો રાત્રે જ ઘરે આવી જાઉં છું. ના છૂટકે બહારગામ જવું જ પડે તો હોટલમાં રહું છું. કોઈના ઘરે રાત રોકાવાનું મારા માટે શક્ય જ નથી."

સંડાસ બરાબર ન થાય એટલે પેટ ભારે રહે છે. ગૅસ થાય છે. ભૂખ નથી લાગતી, અપચો થાય છે, એસીડીટી થાય છે. માથું દુઃખે છે. હવે તો ગુસ્સો પણ આવી જાય છે. સાહેબ, હવે તો હું થાકી ગયો



Scanned by CamScanner

છું, કંટાળી ગયો છું, હારી ગયો છું.

મસા, ભગંદર અને કબજિયાતની તકલીફવાળા મારે ત્યાં અનેક લોકો આવે છે.

કબજિયાતના દર્દીઓ માટે સારવાર કરતાં હું લાંબો સમય ફાળવતો હોઉં છું. એમને અનેક નાની વાતો સમજાવતો હોઉં છું. જીવન જીવવાની રીત, ખોરાક, કસરત, વિશિષ્ટ પ્રકારની કસરતો, સ્વભાવ, દવાઓ, કાળજીઓ, નિયમિતતાઓ આવી અનેક વસ્તુઓ મારે સમજાવવી પડે છે. અને સારવારમાં પાંચ છ મહિના લાગી જાય છે.

મોટાભાગના દર્દીઓને ફાયદો તો તરત જ થઈ જતો હોય છે, પણ સારવાર બંધ કરતાં તકલીફ પણ તરત જ થઈ જાય છે.

કબજિયાત એ મસા, ભગંદર, ગૅસ, એસીડીટી, અપચો, માથાનો દુઃખાવો જેવા અનેક રોગોનું મૂળ છે એટલે એને દૂર કરવી ખૂબ જ જરૂરી છે.

એમને પણ મેં આ બધી નાની નાની બાબતો ઊંડાણથી સમજાવી.

"સાહેબ, આટલું બધું અને આટલું સરસ રીતે તો કોઈએ સમજાવ્યું ન હતું."

એ ખુશ થઈને ઘરે ગયા.

બીજી વખત એમની સાથે એમના પાર્ટનરને સાથે લઈને આવ્યા. એમના મિત્રએ પ્રશ્ન કર્યો, "સાહેબ, અમે બંને બાળપણના મિત્રો છીએ, સાથે મોટા થયા છીએ. આખો દિવસ જોડે રહીએ છીએ. એક જ સરખો ખોરાક છે તો મને કોઈ દિવસ કબજિયાત થતી નથી અને એમને આટલી બધી કબજિયાત થાય છે. એનું કારણ શું ?"

અનેક માણસો આ જ પ્રશ્ન કરે છે. કબજિયાતનાં મૂળ બહુ ઊંડાં હોય છે. એનો સંબંધ જન્મ પછી તરત જ શરૂ થઈ જાય છે.



Scanned by CamScanner

કોઈપણ પ્રાણીને કબજિયાત નથી થઈ કેમ કે એને કોઈ જ બંધનો નથી હોતાં. એને જ્યારે અને જ્યાં આવેગ આવે ત્યારે અને ત્યાં એ સંડાસ કરી શકે છે.

માણસોને તકલીફ એટલા માટે થાય છે કે એ જ્યારે અને જ્યાં ઈચ્છે ત્યાં સંડાસ કરી શકતા નથી. માણસોએ ચોક્કસ સમયે અને ચોક્કસ સ્થળે જ સંડાસ કરવાનું હોય છે. મોટાભાગે તો ચોવીસ કલાકમાં એક જ વાર સવારે અને એ પણ પાંચ કે દસ મિનિટમાં.

બાળક જન્મે ત્યારે એ પણ બીજાં પ્રાણીઓની જેમ જ્યારે ઈચ્છા થાય અને જ્યાં ઈચ્છા થાય ત્યાં સંડાસ કરે છે.

માતા તેને ધીરે ધીરે ચોક્કસ સ્થળે અને ચોક્કસ સમયે એને સંડાસ જતાં શીખવે છે. આ પ્રક્રિયામાં બે થી પાંચ વર્ષ લાગી જાય છે. કળાથી, સમજાવીને, પ્રેમથી કે ધાક ધમકીથી આ કામ શિખવાડવામાં આવે છે.

દરેક માતાની બુદ્ધિ, સમજ, અનુભવ, સમય અને ધીરજ જુદાં જુદાં હોય છે. એટલે દરેકની કેળવણી પણ જુદી જુદી હોય છે.

કબજિયાતવાળા માણસોનો મારો અભ્યાસ એ વાતની વારંવાર સાક્ષી પૂરે છે કે ટ્રેનિંગ કે યુવાનની બેદરકારીથી આ પ્રશ્ન જ્યારે ડૉક્ટર પાસે આવે છે, ત્યારે અમારે પણ માતા જેવી જ કાળજી લેવી પડે છે.

હાથ પગ ઈચ્છા મુજબ હલાવી શકાય છે. ફેફસાંની શ્વાસોશ્વાસની ક્રિયા પણ ઈચ્છાથી વધઘટ કરી શકાય છે, હૃદયના ધબકારા પણ પ્રવૃત્તિ અને આરામથી વધઘટ કરી શકાય છે. પણ આંતરડાના હલનચલન પર આપણો બહુ જ ઓછો અંકુશ છે. અને છતાં આપણે એને એવી રીતે તૈયાર કરવાના હોય છે કે જેથી એ ચોવીસ કલાકમાં ફક્ત એક જ વાર, એક જ સમયે અને ચોક્કસ સ્થળે થોડાક જ સમય માટે કામ કરે.

વિજ્ઞાનનો ઊંડો અભ્યાસ, વિશાળ અનુભવ અને ધીરજને લીધે



Scanned by CamScanner

આ કામનો હું નિષ્ણાત ગણાઉં છું.

પણ એક નિષ્ણાત તરીકે હું બરાબર જાણું છું કે એક સારી માતાની સારી કેળવણીથી કેળવાયેલા બાળકને જે સહજતાથી સંડાસ થાય છે એટલી સહજતાથી એટલી સારી રીતે એ કામ હું પાર પાડી શકતો નથી અને એટલે જ મને માતા મારા કરતાં વધુ નિષ્ણાત, વધુ હોશિયાર અને વધુ ફળદાયી લાગે છે.

બ્રેડમેન, ગંવાસ્કર કે સચીનના બૅટમાંથી જે સહજતાથી રનનો ધોધ નીકળે એટલી જ સહજતાથી માતાની કેળવણીને કારણે દરરોજ સંડાસ થાય છે. જ્યારે અમારી કેળવણીને કારણે સંડાસ તો જરૂર થાય છે પણ એ નવોસવો બૅટસ્‌મૅન સેન્ચુરી ફટકારે ત્યારે જે ટેન્શન અને થાક લાગે છે એવું જ ટેન્શન અને થાક દર્દીને લાગે છે.

મેં અનેક માતાઓને બાળકોને સંડાસ કરાવતાં જોઈ છે. બધું જ કામ પડતું મૂકીને માતા બાળકને જે પ્રેમ અને કળાથી સંડાસ કરાવતી હોય છે, જાણે કે સંડાસમાંથી અમૃતની ધાર ન નીકળવાની હોય ! મને થાય કે આવી ટ્રેઈનિંગ તો ફક્ત માતા જ આપી શકે.

તમે તંદુરસ્ત છો, નિયમિત છો, મહેનતુ છો, તમને મસા, ભગંદર, કબજિયાત, લોહીનું દબાણ, એસીડીટી, ગૅસ, ગુસ્સો, ઈર્ષા નથી. તમે વહેલા ઊઠી શકો છો. તમે સાચું બોલી શકો છો. તમારી ભૂલો તમે સ્વીકારી શકો છો. તમે સાચું અને સારું ગ્રહણ કરી શકો છો. એ બધાં સદ્‌ગુણ તમારા છે એ વાત સાચી એમાં તમારો મહત્વનો ફાળો છે. એ વાત પણ સાચી પણ એક ડૉકટર તરીકે મને સૌથી સાચી વાત એ લાગે છે કે એનો બધો જ યશ માતાને આપવો જોઈએ.

તમને કદાચ આ અતિશયોક્તિ લાગશે પણ મને આ હિનોક્તિ લાગે છે. આ બધી ટેવો છે અને કોઈપણ ટેવ રાતોરાત પડી જતી નથી. આ બધું અનિચ્છાવર્તી તંત્ર ઉપરનો સ્વાભાવિક કંટ્રોલ છે. જે તમને ખબર વગર જ તમારાથી કુદરતી રીતે જ થઈ જાય છે. કયારેક



Scanned by CamScanner

તમારી ઈચ્છા ના હોય, તમારે ન કરવું હોય તો પણ તમારાથી એમ જ થઈ જાય છે.

એનું કારણ છે માતા. તમારી માતાના હૃદયમાં જે ભાવો સારા લાગ્યા એ ભાવ તમારામાં ઉતારવા માટે એ નિરંતર પ્રયત્ન કરે છે. એને એના નિરંતર પ્રયત્નને કારણે તમને ખબર પડે એ પહેલાં જ તમારામાં બુદ્ધિ આવે, સામાજિક જ્ઞાન આવે એ પહેલાં જ આ બધી ટેવો તમારામાં સ્વાભાવિક રીતે જ આવી જાય છે.

ઘણી વસ્તુઓનો જશ તમે તમારા વારસાને પણ આપી શકો. વારસો ખૂબ જ મહત્ત્વની વસ્તુ છે. વારસાગત ગુણો આવે જ છે પણ એ વારસાગત ગુણોને વધુ સારી રીતે વ્યક્ત કરવા, એને દીપાવવા, એને પ્રકાશિત કરવા માટે સારું વાતાવરણ, સારી કેળવણી પણ એટલી જ મહત્ત્વની છે અને એ કેળવવાનું કામ માતા કરે છે. ખાણની અંદર પડી રહેલા સાચા હીરાને સમાજની વચ્ચે પ્રકાશિત કરવાનું કામ માતા જ કરે છે.

મા શબ્દમાં ચમત્કાર છે. માતા ખરેખર શબ્દ નથી, તીર્થ છે. ચેતનાના અવતરણ માટે રામ અને કૃષ્ણને પણ માતાના ખોળાની જરૂર પડે છે.

એ દેહમાંથી દેહ આપે છે. જીવમાંથી જીવ આપે છે. દીવામાંથી દીવો પ્રગટાવે છે. અપેક્ષા વગર જ અપાર સ્નેહ આપે છે. એના પ્રેમનાં-એના સ્નેહનાં લેખાંજોખાં શક્ય નથી.

માતા થવું ચરમ અનુભૂતિની ક્ષણ છે. બાળક એ કોમળતાનું કાવ્ય છે. સ્ત્રી જ્યારે માતૃત્વ ધારણ કરે છે ત્યારે ક્રાંતિ થાય છે.

બાળક લૂલું હોય, લંગડું હોય, ડાહ્યું હોય, ગાંડું હોય, ઘેલું હોય ગમે તેવું હોય તો પણ બાળકનો માતા નિરપવાદ સ્વીકાર કરે છે. એનો સ્વીકાર કરે છે એવું નથી, એને નવજીવન આપે છે. કેળવણી આપે છે.



Scanned by CamScanner

માતાને બાળકને આપી દેવામાં વધુ આનંદ આવે છે. મીઠાઈનો એક ટુકડો હોય કે જ્ઞાન એ બાળકને આપી દે નહીં ત્યાં સુધી એને સાંત્વના થતી નથી.

માની આંગળીમાં અભય હોય છે, એની આંખમાંથી અમૃત વરસે છે. એના હૃદયમાંથી વહાલ વરસે છે. એ ક્ષમા અને કરુણાની મૂર્તિ છે. એની બુદ્ધિ વિરક્ત અને શુદ્ધ છે. એનો એક હાથ વરદાન આપે છે અને બીજો હાથ સંરક્ષણ આપે છે. એ બાળકનું એવી રીતે જતન કરે છે કે જેનું વર્ણન કોઈ રીતે શક્ય નથી. માની કોઠાસૂઝ અજબ-ગજબની હોય છે. જાણે કે એ અંતર્યામી છે. બાળકને શું જોઈએ છે એની એને બાળકના પહેલાં ખબર પડી જાય છે.

માતાનો ખોળો એ પ્રેમની યુનિવર્સિટી છે. સંસ્કારી અને જ્ઞાની માતાના ખોળામાં રમતાં રમતાં બાળક જે શીખે છે, જે મેળવે છે, એમાં કૉલેજની યુનિવર્સિટી બહુ જ ઓછું ઉમેરી શકે છે.

માતાની કેળવણી એ પાયાનો પથ્થર છે, જે મકાનને કાયમી મજબૂતાઈ આપે છે, છતાં ક્યારેય દેખાતો નથી. શ્રેષ્ઠ માતાને ધરતીકંપના આંચકા, વાવાઝોડાં કે મુશ્કેલીઓ ડગમગાવી શકતી નથી.

એક સંસ્કારી માતાના હાથે કેળવાયેલું બાળક સમાજ માટે મોટી મૂડી છે. ખરેખર તો આપણો સમાજ જે કંઈ છે એ માતાની કેળવણીને કારણે જ છે. માતા સમાજને અદ્ભુત પ્રેરણા આપે છે.

આટલું બધું હોવા છતાં માતાને તો એવું લાગતું જ નથી કે એ કંઈક કરે છે. માતા કંઈ કરતી નથી, એનાથી સ્વાભાવિક રીતે જ થઈ જાય છે. એની પાસે જે કંઈ આપી શકાય એવું છે એ બધું જ બાળકને જ્યાં સુધી ન આપે ત્યાં સુધી જંપ થતો નથી.

મેં અનેક માતાઓને પેશાબની ચામડી ઉપર ચડાવવાની ટ્રેઈનિંગ આપી છે. એ હાથની નજાકત એટલી બધી હોય છે કે બાળકને દુઃખે પહેલાં જ એના હૃદયને દુઃખાવો થાય છે અને એના હાથ ત્યાં જ



Scanned by CamScanner

અટકી જાય છે.

એ પથારી બનાવતી હોય ત્યારે એના હાથ જે રીતે ફરતા હોય છે એ જોવું એક લહાવો છે.

ગમે ત્યાં, ગમે તેટલી સગવડો વચ્ચે તમે ગમે તેટલું સારું જમો એમાં તમને આનંદ મળશે, સુખ મળશે, પણ તૃપ્તિ, પરિતૃપ્તિ, પૂર્ણ આનંદ, પૂર્ણ સુખ તો માતાના હાથે જમવાથી જ મળે છે.

માતાનું ઋણ કદીએ ચૂકવી શકાતું નથી, ચૂંકવવાની કલ્પના પણ થઈ શકતી નથી. ખરેખર તો માતાના ઋણને ઋણ ગણવાનો વિચાર જ વધુ પડતો છે. ખરેખર તો બાળક માતાના પ્રેમની પ્રતિકૃતિ જ છે.

માતાએ ફળદ્રુપ કરેલા ખેતરમાંથી શિક્ષકો અર્જુન પેદા કરી શકે છે. આંધળામાંથી સુરદાસ બનાવી શકે છે અને બાળકમાંથી માતા જ શિવાજી પેદા કરી શકે છે.

જીવનના આનંદની છેલ્લી ડિગ્રી, જીવનના સુખની છેલ્લી ડિગ્રી, જીવન જીવવાની માસ્ટર કી માતા જ આપે છે.

**માતા જે આપે છે, માતાના આ જીવન સમર્પણથી જે પેદા થાય છે એને કોઈ જ જોઈ શકતું નથી. પણ મા જે આપી શકી નથી, જેનું માને જ્ઞાન નથી હોતું એની અસરો બાળકની આખી જિંદગી સુધી આંખે ઊડી વળગે એવી સ્પષ્ટ હોય છે.**

માતાની અંધશ્રદ્ધાને કારણે બાળકમાં જે અંધશ્રદ્ધા આવે છે એ અંધશ્રદ્ધા બાળક ડૉક્ટર થાય, ગુરુ થાય કે પછી ગમે તે થાય એ અસર કદાચ ઓછી થાય છે પણ સંપૂર્ણ નાબૂદ કરી શકાતી નથી.

મારી હૉસ્પિટલમાં આવી મુશ્કેલી વખતે સહકાર આપતાં બાળકો અને કારણ વગર હેરાન પરેશાન કરી મૂકતાં બાળકો જોઈને એમની માતાઓ કેવી હશે કે માતાઓને જોયા પછી એમનાં બાળકો કેવાં હશે એની મારી ધારણા સતત સાચી પડે છે.



Scanned by CamScanner

ઑપરેશન થિયેટરમાં ડર્યા વગર આવતો બાળક અનેક વખત દુઃખદાયક પ્રોસીજરોમાં મદદ કરતા બાળકને જોઈને એની માતાને ધન્યવાદ આપવાની ઈચ્છા થાય છે. એથી ઊલટું વધુ પડતા લાડથી બગડી ગયેલા બાળકને જોઈને મને એના ભવિષ્ય માટેની ચિંતા થાય છે.

ટાઈમ લીધા વગર ગમે ત્યારે આવતા, આવીને ધીરજ ન રાખતા, સંબંધનો દુરુપયોગ કરી વચ્ચે ઘૂસી જતા, ગુસ્સો કરતા, સ્ટાફ જોડે ગમે તેમ વર્તન કરતા માણસોના વર્તનનું મૂળ છેક એમની માતાની કેળવણીમાં રહેલું હોય એવા લોકોને કાં તો માતા વગર જ બાળપણ ગયું હોય છે કે પછી કોઈ કારણસર માતા કેળવણી ન આપી શકી હોય તો કયારેક અજ્ઞાન માતાની કેળવણી જવાબદાર હોય છે.

અને એથી ઊલટા એવા પણ માણસો હોય છે. સમય લઈને આવે, ટાઈમસર આવે, ધીરજથી બેસે, બીજાનો વિચાર કરી પોતાની પાછળ આવેલાને પણ આગળ જવા દે, પોતાનું પદ કે શક્તિની કોઈને ખબર ન પડવા દે. આવા કેળવાયેલા અને સંસ્કારી લોકોનું સુખ એની સંસ્કારી માતાની કેળવણીમાં જ રહેલું હોય છે.

કેળવાયેલા અને સુટેવવાળા કયારેય થાકતા નથી, કંટાળતા નથી. જીવનમાં એ બિલકુલ સ્વાભાવિક રીતે કાયમ સફળ થાય છે.

પ્રેમ આંધળો હોય છે. માતાનો પ્રેમ વિશેષ આંધળો હોય છે. માતાની મમતાની મમત કોઈપણ હદે જઈ શકે છે. આ આંધળી મમતામાં જ્યારે અજ્ઞાન ભળે છે ત્યારે જિંદગી બરબાદ થઈ જાય છે. જેમ અજ્ઞાનતાની માત્રા વધુ એમ બરબાદીની માત્રા પણ વધુ. એવા અનેક રોગો છે જેને થતા માતા અટકાવી શકે છે.

વર્ષો પહેલાં જયારે મને કૅન્સર વિજયનું સપનું આવેલું ત્યારે મને ખબર નહીં કે કૅન્સર વિજય કરવો આટલો બધો સહેલો હશે. હવે મને કૅન્સર વિજય કરવાનો સૌથી સરળ અને સૌથી અકસીર ઈલાજ



Scanned by CamScanner

મળી ગયો છે. એ છે માતાને જ્ઞાન આપવાનો.

મારે ફક્ત માધ્યમ જોઈએ, જેથી હું માતાના હૃદય સુધી પહોંચી શકું, બાકીનું બધું કામ તો સરળ છે. એક વખત માતા જ્ઞાની થશે તો બાળકને ઘણાં બધાં કૅન્સર નહીં થાય, એટલું જ નહીં બીજા અનેક રોગો પણ નહીં થાય.

**આ શુભ કાર્યમાં તમારે મધ્યસ્થી થવાનું છે. આંગળી ચીંધવાનું પુણ્ય લેવાનું છે.** જિંદગી કાયમ માટે ખાનાખરાબ થઈ જાય, દુઃખી દુઃખી થઈ જાય એ પહેલાં **જ્ઞાનનું આ અમૃત માતાઓના હાથમાં આપે પહોંચાડવાનું છે.**

મારું ઘર, મારો સમાજ, મારું રાજ્ય, મારો દેશ, આ દુનિયા સુખી થાય, એના સુખની અંદર મારો પણ કંઈક થોડો ફાળો હોય એ વાતની ભલે એ સુખી થનારને ખબર ન હોય પણ એ સુખી તો થશે જ ને.

**કોઈ જશ નથી જોઈતો, કોઈને ખબર નથી પાડવી, બસ એક શાંત ક્રાન્તિ થાય, દરેક વ્યક્તિ શક્ય હોય એટલો વધુ સુખી થાય.**

આ શુભ કાર્યમાં પાયાના પથ્થર થવા માટે તમને મારી નમ્ર અરજ છે.

**ડૉ. પી. બી. પટેલ**
કેદાર, શાહીબાગ, અમદાવાદ.
ફોન : (ઘર) ૨૮૬ ૦૫ ૫૫
(હૉ.) ૨૮૬ ૫૯ ૯૯



Scanned by CamScanner

મારું ઘર, મારો સમાજ, મારો દેશ ફરીથી [illegible] શિખર સર કરે એવી ભાવનાથી કામ કરતા આ [illegible] પ્રેમાળ હૃદયની ખોટ છે. એમને ઉમળકાથી વધાવી [illegible] દેશ બચાવી લો, એને ફરીથી મહાન બનાવો.

કૅન્સર એટલે કૅન્સલ..કૅન્સર એટલે મોતની આમંત્રણપત્રિકા..!!

કૅન્સરનું નામ સાંભળી ભલભલા ગભરાઈ જાય છે. અનેક સિંહને મેં શિયાળ થતા જોયા છે. રાજાને રંક થતા જોયા છે. મહાવીરોને થરથર કાંપતા જોયા છે.

અનેકને મેં મારી નજર સામે વિધુર કે વિધવા થતાં જોયા છે. અનાથ બાળકો, ભરજવાનીમાં વિધવા થતી માતાઓ, જન્મ પહેલાં જ પિતા ગુમાવનાર અનાથોથી આ દેશ ઊભરાતો જાય છે.

આખો સમાજ લાચાર થઈને વર્ષોથી આ બધું જોતો આવ્યો છે. નિરાશ થઈને, ભાંગેલાં હૃદયે એની આંખમાં આંસુ છે. પગ થાકી ગયા છે. રસ્તો દેખાતો નથી. ચારેબાજુ ફક્ત અંધકાર જ દેખાય છે.

આવા નિરાશાભર્યા વાતાવરણમાં જ્ઞાનનો એક નાનકડો દીવો પ્રગટાવવા, છેલ્લાં વીસ-વીસ વર્ષથી અમે પ્રયત્ન કરી રહ્યા છીએ. લાયન્સ, જાયન્ટ્સ, રોટરી, એન.એસ.એસ., જૈન સમાજ, સ્વામીનારાયણ તેમજ સૌ પોતપોતાનાથી થાય એટલો પ્રયત્ન કરવા ગાંઠનું ગોપીચંદ ઘસી રહ્યા છીએ, પણ હજી અનેકના ઘરની અંદર અંધકાર છે.

જ્ઞાનનો એક દીપક તમારા સ્નેહીજનોના ત્યાં પણ પ્રગટાવો. મીઠાઈથી વધુ મીઠો, ફટાકડાના આનંદથી કંઈક વધુ.

એક એવું કાર્ય જે અનેકને જીવતદાન આપે, અનેક નવોઢાના સૌભાગ્યને અખંડ રાખે, અનેક કુમળાં બાળકોના છત્રને સાચવી રાખે, દુઃખ, દર્દ, આંસુઓ, અફસોસ, નિરાશાઓના ગર્તમાંથી બચાવે, હજારો અને લાખોના ખર્ચમાંથી બચાવે.

Scanned by CamScanner

# મફતના ભાવે દિવાળી કાર્ડ સાથે સમાજ સેવા

દુઃખ ભુલવાનો સૌથી સારો રસ્તો બીજાના દુઃખોમાં ભાગ લેવો એજ છે.

| | |
|---|---|
| વ્યસન મુક્તિના સરળ ઉપાયો | રૂા. ૨/- |
| વ્યસનનો અભિશાપ | રૂા. ૨/- |
| આજે જ ચેતી જાઓ.... | રૂા. ૨/- |
| નાના રોગોની મોટી વાતો | રૂા. ૨/- |
| શ્રેષ્ઠ માતા બનવાની કળા | રૂા. ૨/- |
| મંગલ મંદિર | રૂા. ૪/- |
| સુખનો સુરજ | રૂા. ૪/- |
| એઈડ્સ / ગાંઠ | રૂા. ૨/- |
| મસા | રૂા. ૨/- |
| મારુ ઘર - સ્વર્ગથી સુંદર | રૂા. ૨/- |
| મારુ ઘર - નાનકડું સ્વર્ગ | રૂા. ૨/- |
| કેન્સર વિજય | રૂા. ૪૦/- |
| સુખનો રામબાણ ઈલાજ | રૂા. ૨/- |
| ગાંઠ -પહેલો ઘા રાણાનો | (પ્રેસમાં) |
| એકવીસમી સદીમાં અજય | (પ્રેસમાં) |
| કેન્સર વિજય હવે વધુ સરળ | (પ્રેસમાં) |

જોઈએ એટલા જ નંગ, ખુબ જ ઓછી કિંમતે, તમારા સ્વજનના ફોટા સાથે દિવાળી કાર્ડ કે ભેટ પુસ્તિકા રૂપે .................. ભાષા : ગુજરાતી, હિન્દી, અંગ્રેજી

ડૉ. પી.બી.પટેલ (M.S.) સર્જન કેન્સર સ્પેશિયાલિસ્ટ
'કેદાર', રાજસ્થાન હૉસ્પિટલ સામે, શાહીબાગ, અમદાવાદ-૪.
ફોન : હૉ. : ૨૮૬ ૫ ૯૯૯ ઘર : ૨૮૬ ૦ ૫૫૫

પ્રકાશક : યુવા જ્યોત પબ્લિકેશન્સ -વાપી.
ફોન : (૦૨૬૦) ૪૬૯૦૦૮ / ૪૬૦૦૦૮
CHIRAG PRINTERS SANJAY M. PATEL TEL. : 7527319

Scanned by CamScanner